# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 16/06/2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**DAY: TUESDAY** **NATIONAL NEWS**

# આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાન્સમાં G7 શિખર સંમેલન દરમિયાન એક ઉચ્ચ-સ્તરીય કાર્ય સત્રમાં ઉપસ્થિત**
2) **કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે નવી દિલ્હીમાં ખરીફ 2026 સીઝન માટે દેશભરમાં તૈયારીઓની સમીક્ષા કરી.**
3) **NEET UGની પુનઃપરીક્ષા અગાઉ સરકારે 22 જૂન સુધી ઓનલાઈન મેસેજિંગ એપ ટેલિગ્રામ પર પ્રતિબંધ મૂક્યો.**
4) **અમેરિકાના સહયોગી દેશોએ યુક્રેન સંઘર્ષને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એજન્ડામાં ફરી પ્રાથમિકતા આપવા ભાર આપ્યો.**
5) **ભારતીય મહિલા ટીમ FIH હોકી નેશન્સ કપની સેમિફાઇનલમાં પહોંચી.**

---

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# FURREV EVE PM G7 VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાલમાંફ્રાન્સના એવિયનમાં G7 શિખર સંમેલનમાં "નવી ભાગીદારી બનાવવી અને આંતરરાષ્ટ્રીય એકતાનું પુનર્નિર્માણ" થીમ પર એક ઉચ્ચ-સ્તરીય કાર્ય સત્રમાં ભાગ લઈ રહ્યા છે. આ સત્રમાં G7 રાષ્ટ્રોના નેતાઓ, ભાગીદાર દેશો અને વિશ્વ બેંક અને આફ્રિકન વિકાસ બેંકના મુખ્ય પ્રતિનિધિઓ ભાગલઈ રહ્યા છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન દ્વારા પ્રધાનમંત્રી અને અન્ય ભાગીદાર દેશોના નેતાઓનું ઔપચારિક સ્વાગત કર્યા પછી બેઠક શરૂ થઈ.

શ્રી મોદી કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્ની, યુનાઇટેડ કિંગડમના પ્રધાનમંત્રી કીર સ્ટારમર અને સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે દ્વિપક્ષીય બેઠક યોજશે. આજે રાત્રે તેઓ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન દ્વારા આયોજિત ગાલા ડિનરમાં પણ હાજરી આપશે.

# REV. BIRLA-YOUTH PARLIAMENT

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ લોકશાહીમાં વધુ જનભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો છે. નવી દિલ્હીમાં વિકસિત ભારત યુવા સંસદ 2026 ના સહભાગીઓ સાથે વાતચીત કરતા, શ્રી બિરલાએકહ્યું કે વિવિધ સંસ્કૃતિ અને વિવિધ ભૌગોલિક પરિસ્થિતિઓ સાથે વિશ્વની સૌથી વધુ વસ્તી હોવા છતાં, ભારત આઝાદી પછી વધતી જતી જનભાગીદારી સાથે વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ઉભરી આવ્યો છે.

તેમણે કહ્યું કે દેશના ભવિષ્યને આકાર આપવા અને વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે લોકશાહીમાં સક્રિય અને સમાવિષ્ટ ભાગીદારી જરૂરી છે.

(બાઇટ : OM BIRLA)

# SHIVRAJ – KHARIF

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે નવી દિલ્હીમાં ઉચ્ચસ્તરીય કૃષિ સમીક્ષા બેઠક યોજી હતી અને ખરીફ 2026 સીઝન માટે દેશભરમાં તૈયારીઓની વિગતવાર સમીક્ષા કરી હતી.

કૃષિ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સંભવિત અલ નીનો પરિસ્થિતિઓના સંદર્ભમાં, તેમણે કપાસનું ઉત્પાદન વધારવા, કઠોળમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા અને ઓછા વરસાદવાળા જિલ્લાઓ માટે આગોતરી તૈયારીઓ પર ખાસ ભાર મૂક્યો. જે જિલ્લાઓમાં ઓછો વરસાદ અથવા અસમાન વરસાદની સંભાવના છે, ત્યાં અગાઉથી સંપૂર્ણ તૈયારીઓ કરવા શ્રી ચૌહાણે સ્પષ્ટ નિર્દેશો આપ્યા.

# NITIN NABIN - INFRASTRUCTURE SECTOR

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા 12 વર્ષમાં દેશના માળખાગત ક્ષેત્રમાં થયેલા પરિવર્તન પર પ્રકાશ પાડ્યો.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી નવીને કહ્યું કે, દેશમાં ઝડપી અને વ્યાપક વિકાસ થયો છે. જેણે કનેક્ટિવિટીને મજબૂત બનાવી છે અને નવી તકોનું સર્જન કર્યું છે. તેમણે નોંધ્યું કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નેટવર્ક 91 હજાર કિલોમીટર થી એક લાખ 46 હજાર કિલોમીટરથી વધુ વિસ્તર્યું છે, જ્યારે મેટ્રો રેલ નેટવર્ક લગભગ 250 કિલોમીટરથી વધીને લગભગ 1200 કિલોમીટર થયું છે.

# REV HEALTH - COUGH SYRUP (WITH V/C)

કેન્દ્ર સરકાર દ્વારા નાના ગામડાઓમાં કફ સિરપના વેચાણ માટે આપવામાં આવેલી છૂટ પાછી ખેંચી લેવામાં આવી છે. સરકારે ઔષધ નિયમો, 1945માં સુધારો કરીને સૂચના આપી છે કે હવે નાના ગામડાઓમાં કફ સિરપનું વેચાણ અને વિતરણ ફક્ત યોગ્ય રીતે પરવાના પ્રાપ્ત દવાની દુકાનો દ્વારા જ થવું જરૂરી રહેશે.

**(વોઇસ કાસ્ટ : ANAND KUMAR)**

# NTA-TELEGRAM BAN

21 જૂને યોજાનારી NEET UGની પુનઃપરીક્ષા પહેલા સરકારે 22મી જૂન સુધી ઓનલાઈન મેસેજિંગ અને સોશિયલ મીડિયા એપ ટેલિગ્રામ પર પ્રતિબંધ મૂક્યો છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી NTAએ ભારતમાં ટેલિગ્રામ ઍક્સેસને નિર્ધારિત અને મર્યાદિત સમયગાળા માટે પ્રતિબંધિત કરવાના ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના નિર્દેશોને આવકાર્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# CLARIFICATION-PETROLEUM MINISTRY

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે, પ્રસ્તાવિત મધ્ય પૂર્વ-ભારત પાણીની પાઇપલાઇન પર મંત્રાલય દ્વારા હાલમાં આવી કોઈ દરખાસ્ત વિચારણા હેઠળ નથી.

એક નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું હતું કે, તેમણે મીડિયા અહેવાલોની શ્રેણી જોઈ છે જે સૂચવે છે કે, સરકાર ગુજરાતને ઓમાન અને અન્ય અખાતી દેશો સાથે જોડતી ઊંડા સમુદ્રી ઊર્જા પાઇપલાઇન, મધ્ય પૂર્વ-ભારત પાણી પાઇપલાઇન સક્રિયપણે આગળ ધપાવી રહી છે.

તેમણે ઉમેર્યું હતું કે, મંત્રાલયમાં કોઈપણ સ્તરે આ પ્રોજેક્ટ પરઓમાન અથવા અન્ય કોઈપણ અખાતી દેશો સાથે કોઈસક્રિય ચર્ચા કે વાટાઘાટો થઈ નથી.

# GOYAL - FRANCE UPI

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ફ્રાન્સના નાઇસ માસેના ખાતે યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ - UPI લોન્ચ કર્યું છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ગોયલે જણાવ્યું કે ફ્રાન્સના અગ્રણી રિટેલ સ્થળોમાંના એક પર ભારતના વિશ્વ-સ્તરીય ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મને લાવીને UPIના વૈશ્વિક વિસ્તરણમાં વધુ એક મહત્વપૂર્ણ પગલું છે.

મંત્રીએ વધુમાં નોંધ્યું હતું કે આ લોન્ચ ભારત અને ફ્રાન્સ વચ્ચેના આર્થિક અને તકનીકી સંબંધોને મજબૂત બનાવી રહ્યું છે, જે બંને દેશ વચ્ચેના વ્યૂહાત્મક જોડાણને પ્રતિબિંબિત કરે છે.

# IRAN US DEAL – LEBANON

ઈરાને આજે કહ્યું કે અમેરિકા સાથેના યુદ્ધનો અંત લાવવાના કરારમાં ઇઝરાયલને પણ લેબનોનમાંથી પાછા ફરવાની જરૂર પડશે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું કે દક્ષિણ લેબનોન પર ઇઝરાયલનો સતત કબજો અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા સમજૂતી કરારનું ઉલ્લંઘન કરશે. જોકે અમેરિકાએ હજુ સ્પષ્ટતા કરી નથી કે લેબનોન અંતિમ કરારનો ભાગ છે કે નહીં.

# EVIAN G7 SUMMIT

મુખ્ય ઔદ્યોગિક રાષ્ટ્રોના ગ્રુપ ઓફ સેવન શિખર સંમેલનમાં અમેરિકાના સહયોગી દેશોએ આજે ચાર વર્ષથી ચાલતા યુક્રેન સંઘર્ષને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એજન્ડામાં ફરી પ્રાથમિકતા આપવા પર કામ કર્યું.

ફ્રાન્સના યજમાન રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને કહ્યું કે, તેઓ ટ્રમ્પને યુક્રેનને ટેકો આપવાનું ચાલુ રાખવા અને શાંતિ કરાર સુધી પહોંચવામાં મદદ કરવા માટે રશિયા પર દબાણ વધારવા માટે સમજાવવાનો પ્રયાસ કરશે. ટ્રમ્પના નેતૃત્વમાં અમેરિકાએ યુક્રેનને અપાતી સહાયમાં ઘટાડો કર્યો હોવાથી, ફ્રાન્સ અને તેના યુરોપિયન સાથીઓ હવે યુક્રેનને લશ્કરી અને નાણાકીય સહાય પૂરી પાડનારા સૌથી મોટા દેશો છે.

# FIH HOCKEY

ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં રમાઈ રહેલી FIH હોકી નેશન્સ કપની સેમિફાઇનલમાં ભારતીય મહિલા ટીમે પ્રવેશ કર્યો છે. ભારતે બીજા પૂલ A મેચમાં જાપાનને 2-1થી હરાવ્યું. અમેરિકા અને જાપાન સામેની જીતથી છ પોઈન્ટ સાથે પૂલ Aમાં જીતથી ભારત ટોચ પર પહોંચી ગયું.

આગામી ગુરુવારે ટુર્નામેન્ટના છેલ્લા પૂલ A મેચમાં ભારતનો મુકાબલો ઉરુગ્વે સામે થશે, જ્યારે જાપાન અને અમેરિકા પૂલ A માંથી બીજી સેમિફાઇનલમાં સ્થાન મેળવવા માટે ટકરાશે.

દરમિયાન પુરુષોની હોકીમાં, ભારત નેધરલેન્ડ્સના રોટરડેમમાં FIH હોકી પ્રો લીગમાં જર્મનીનો સામનો કરશે.

# EVE. FIFA WORLD CUP

ફૂટબોલમાં, ફિફા વિશ્વ કપ 2026 માં, ફ્રાન્સ આજે રાત્રે અમેરિકાના ન્યુ જર્સીમાં ગ્રુપ I માંસેનેગલ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે સાડા બાર વાગ્યે શરૂ થવાની છે. અન્ય એક મેચ, બોસ્ટન સ્ટેડિયમ ખાતે ગ્રુપ I માં નોર્વે અને ઇરાક વચ્ચે મુકાબલો રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે સાડા 3 વાગ્યે શરૂ થશે.

# DAY. IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે રવિવાર સુધી અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, ઉપ-હિમાલય, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે શુક્રવાર સુધી તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી પણ કરી છે.

જ્યારે દિલ્હી, ચંદીગઢ, હરિયાણા, પંજાબ હિમાચલપ્રદેશ, આંતરિક કર્ણાટક, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઝારખંડ, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં વીજળી અને ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.